# કર્મચારી કલ્યાણ મંડળ
# નવસારી કૃષિ યુનિવર્સિટી
# નવસારી

**નોંધણી ક્રમાંકઃઈ/૧૨૦૫/સુરત તા. ૩૧/૮/૧૯૮૮**

---

જા.નં. ક.ક.મંડળ /વિજ્ઞપ્તિ/૨૪૧-૯૦/૧૫, નવસારી. તા. ૨૧/૫/૨૦૧૫

## વિજ્ઞપ્તિ

નવસારી કૃષિ યુનિવર્સિટીમાં ફરજ બજાવતાં તમામ અધિકારીઓ તથા કર્મચારી ભાઈ બ્હેનોના સાથ સહકારથી કર્મચારી કલ્યાણ મંડળ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફથી કેટલીક પ્રવૃતિઓ જેવી કે સભાસદોના બાળકોને પ્રોત્સાહન માટે ઈનામ વિતરણ, કર્મચારીઓ માટે મિનરલ વોટર પ્લાન્ટનું સંચાલન, મનોરંજન માટે કેબલ સેવા તથા સભાસદો માટે પ્રવાસ વગેરેનું આયોજન કરવામાં આવે છે.

સદર પ્રવૃતિઓનું આયોજન સારી રીતે કરી શકાય તે માટે મંડળમાં સભાસદોનું સંખ્યાબળ વધવું ખુબજ આવશ્યક છે તેમજ ઉપરોકત પ્રવૃતિઓનો લાભ મેળવવા માટે મંડળના સભાસદ હોવું પણ આવશ્યક છે. જેથી યુનિવર્સિટી સેવામાં નવા દાખલ થયેલ તેમજ સભાસદ ન થયેલ હોય તેવા તમામ અધિકારી/કર્મચારી ભાઈ બહેનોને નીચે જણાવેલ વિગત પ્રમાણે ફી ભરીને મંડળના સભાસદ થવા અનુરોધ સહ વિનંતી કરવામાં આવે છે.

**સભાસદ થવા માટેની માહિતીઃ**

(૧) દાખલ ફી રૂા. ૫-૦૦ (રૂપિયા પાંચ પુરા)
(૨) આજીવન સભ્ય ફી રૂા. ૫૦૦-૦૦ (રૂપિયા પાંચસો પુરા)

**સભ્ય ફી જમા કરાવવાના સંપર્ક સ્થળઃ**

૧. શ્રી એચ.વી.પંડયા, ખજાનચી, ક.ક.મં., સહ પ્રા. આચાર્યશ્રી, અસ્પી કોલેજ, નકૃયુ, નવસારી
૨. શ્રી એમ. કે. મલેક, કા. સભ્ય, ક.ક.મં., કેમેસ્ટ્રી વિભાગ, ન.મ. કૃષિ મહાવિદ્યાલય, નવસારી

મંડળના હિતમાં સભાસદ તરીકે જોડાઈ આપનો અમૂલ્ય સહકાર અને યોગદાન પુરૂ પાડી મંડળના વિકાસ અને પ્રગતિમાં સહભાગી થવા નમ્ર અપેક્ષા સહ વિનંતી છે.

આભાર સહ.....

મંત્રી
કર્મચારી કલ્યાણ મંડળ
ન.કૃ.યુ., નવસારી

**નકલ જયભારત સહ રવાના જાણ તથા ઘટતું થવા સારૂ પ્રતિ,**

૧. તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ જાણ તથા તેમની કચેરીમાં ફરજ બજાવતાં કર્મચારી /અધિકારીશ્રીઓને જાણ કરવા વ્યવસ્થા થવા સારૂ વિનંતી સહ
૨. તમામ યુનિટ/ સબ યુનિટ વડાઓ તરફ જાણ તથા તેમની કચેરીમાં ફરજ બજાવતા કર્મચારી /અધિકારીશ્રીઓને જાણ કરવા વ્યવસ્થા થવા સારૂ વિનંતી સહ
૩.આચાર્યશ્રી, કૃષિ કોલેજ/બાગાયત વ વનીય કોલેજ/વેટરનરી કોલેજ/એબીએમ કોલેજ તરફ જાણ તથા તેમની કચેરીમાં ફરજ બજાવતાં કર્મચારી /અધિકારીશ્રીઓને જાણ કરવા વ્યવસ્થા થવા સારૂ વિનંતી સહ